મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર, આરોગ્ય કેમ્પની ફેસબુક પોસ્ટ પર દારૂ-જુગાર અંગે કોમેન્ટથી વિવાદ

ડભોઈના ભીલાપુર ગામે ફેસબુક કોમેન્ટને લઈ ભાજપના બે જૂથ બાખડયા

છૂટ્ટાહાથની મારામારીમાં એક ડઝન જેટલા લોકો ઈજાગ્રસ્ત

બનાવની જાણ થતાં ડભોઈ પોલીસ ભીલાપુર ખાતે પહોંચી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.24

ડભોઈ તાલુકાના ભીલાપુર ગામે વિસ્તાર માંથી જિલ્લા પંચાયત ની બેઠક પર ચૂંટાયેલા અને આરોગ્ય સમિતિના ચેરમેન ધ્વારા આરોગ્ય તપાસ ની અને આયુષ્ય માન કાર્ડ માટે નો કેમ્પ રાખ્યો હતો.જેના વીડિયો અને ફોટો પોતાના ફેસબુક એકાઉન્ટ પર મૂક્યા હતા.તેમાં વ્યસન મુક્તિ અને જુગાર બાબત ની કોમેન્ટ ને લઈ ભીલાપુર ગામે જાહેર માં બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી.છૂટ્ટાહાથ ની મારામારી માં એક ડઝન લોકો ને ઈજાઓ થવા પામી હતી.

ડભોઈ શહેર તાલુકા માં પાછલા ત્રણ માસ માં સાત જેટલા બખેડા ઊભા થવા પામ્યા છે.વીડિયો જોઈને આરોપી બનાવતી પોલીસ ને ફરી ભીલાપુર નો વીડિયો પણ મળી ગયો છે.જેમાં વિસ્તાર માંથી જિલ્લા પંચાયત ની સામાન્ય બેઠક પર થી ચૂંટાયેલ અને આરોગ્ય સમિતિ ના ચેરમેન ભાવેશભાઈ પટેલ ધ્વારા ફેસબુક પર આરોગ્ય તપાસ અને આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે ના કેમ્પ ના ફોટો અને વીડિયો મૂક્યા હતા.ત્યારે તેમાં કોમેન્ટ કરાઈ હતી કે વ્યશન મુક્તિ પણ થવી જોઈએ.એ રીતે દારૂ જુગાર બાબતે કોમેન્ટ ને લઈ આજે ભીલાપુર ગામ માં ભાજપ ના બે જૂથો વચ્ચે રીતસર છુટ્ટા હાથ ની મારામારી થતા ગામ માં ભય નું વાતાવરણ ઊભું થવા પામ્યું હતું

જેમાં એક ડઝન લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બનાવ ની મારામારી નો વીડિયો સોશિયલ મીડિયા પર પ્રસારિત થતા સંસ્કારિતા ને વરેલી પાર્ટી ની બદનામી માટે પાયા ના કાર્યકરો આશ્ચર્ય માં મુકાઈ ગયા હતા.જ્યારે બનાવ બાબતે તપાસ માટે આખરે ડભોઈ પોલીસ પણ ભીલાપુર ખાતે પહોંચી હતી.

ભીલાપુરની મારામારી માટે દારૂ જુગાર નિમિત્ત બન્યું

ગુજરાત માં ભાજપ ભય,ભૂખ અને ભ્રષ્ટાચાર અને દારૂ જુગાર ની બદી ને કડક રીતે ડામવા ના વચન સાથે સત્તારૂઢ થઈ હતી. સમયજતા પરિસ્થિતિ બદલાઈ છે. હવે દારૂ જુગાર બાબતે ભાજપ ની વગોવણી થતા પાર્ટીના પાયા ના જવાબદાર અને સંનિષ્ઠ કાર્યકરો માં ભારે નારાજગી પ્રવર્તી રહી છે. પરિણામે પરિસ્થિતિ નો લાભ વગર પ્રચારે કોંગ્રેસ પાર્ટી લઈ રહી છે. કારણ કે લોકો ની નારાજગી નો ઝુકાવ હવે કોંગ્રેસ તરફી થઈ રહ્યો હોય ભાજપ ના જવાબદારો એ ગંભીરતાથી ચિંતન કરવું પડે તેવી સ્થિતિ નું નિર્માણ થયું છે.

ભીલાપુરની મારામારીમાં રેશનિંગની દુકાનનું પાસું પણ સામે આવ્યું

પખવાડિયા અગાઉ જિલ્લા પંચાયત સદસ્ય ભાવેશભાઈ પટેલે રેશનિંગ ની દુકાન સામે મોરચો માંડ્યો હતો. જેમાં ગેર રીતિ ને લઈ 60 દિવસ માટે પરવાનો રદ થયો હતો. ત્યારે ભાવેશભાઈ પટેલ ના જૂથ સામે રેશનિંગ ની દુકાન ના સંચાલક નું જૂથ બાથે પડ્યું હતું. જેથી ચૂંટણી બાદ રેશનિંગ ની દુકાન ની માથાકૂટ અને હવે દારૂ જુગાર ની કોમેન્ટ મારામારી સુધી પહોંચવામાં જવાબદાર બની હોવાનું કહેવાય છે.

આશરે અઢી વર્ષનો દીપડો ઝડપાયો

ચાપરગોટામાં એક અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા.24

બોડેલી નજીકના ચાપરગોટા ગામ વિસ્તારમાં એક જ અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાતા ગ્રામજનો રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લા ઘણા સમયથી ચાપરગોટા અને આસપાસના વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. વિસ્તારમાં ચાર દીપડા ફરતા હોવાની પણ લોકચર્ચા ચાલી રહી હતી.

દીપડાની અવરજવરને ધ્યાનમાં રાખીને બોડેલી વન વિભાગ દ્વારા વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ પાંજરા ગોઠવી દીપડાને પકડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચાર દિવસ અગાઉ એક દીપડો પાંજરે પુરાયો હતો, ત્યારબાદ આજે વધુ એક દીપડો પાંજરામાં ફસાયો હતો. આજે પાંજરે પુરાયેલો દીપડો આશરે અઢી વર્ષનો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. એક અઠવાડિયામાં બે દીપડા પાંજરે પુરાતા હાલ ચાપરગોટા વિસ્તારના ગ્રામજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. વન વિભાગ દ્વારા પાંજરે પુરાયેલા બંને દીપડાને જરૂરી કાર્યવાહી બાદ સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઈદ-એ-મિલાદુન્નબી નિમિત્તે વડુમાં રક્તદાન શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.24

ઈદ-એ-મિલાદુન્નબીના પવિત્ર પર્વ નિમિત્તે ફૈઝ યંગ સર્કલ તથા ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ (કલ્લા શરીફ)ના આયોજન હેઠળ વડુ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તમારું રક્તદાન, કોઈના માટે જીવનદાન" ના સંદેશ સાથે યોજાયેલી આ રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવસેવાનો સંદેશ આપ્યો હતો. આયોજકો દ્વારા ઈદ-એ-મિલાદુન્નબીને રહેમત, શાંતિ અને ભાઈચારાના પર્વ તરીકે ઉજવતા સમાજના લોકોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. રક્તદાન શિબિરનું આયોજન તા. 23 ઓગસ્ટ 2026, રવિવારના રોજ સવારે 8:30થી બપોરે 2:00 કલાક સુધી સરદાર ફેબ્રિકેશન, કર્ણાકુવા ચોકડી પાસે, વડુ, પાદરા-જંબુસર રોડ ખાતે કરવામાં આવ્યું હતું.

ચાંદોદના તલાટીને RTIમાં માહિતી ન આપવી ભારે પડી

માહિતી આયોગે ચાંદોદ ગ્રામ પંચાયતના તલાટીને ૧૫ હજારનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.24

ડભોઈ તાલુકા પંચાયત હસ્તક ના ચાંદોદ ગ્રામ પંચાયત ના તલાટી અરજદાર એહુલ માછી ને માહિતી આપવામાં ગલ્લા તલ્લા કરતાં ગુજરાત માહિતી આયોગ આકારા પાણી એ બેસતા જાહેર માહિતી અધિકારી અને તલાટીકમ મંત્રી ચંદ્રિકાબેન મકવાણા ને દંડ ફટકારતા તાલુકાના તલાટી ઓ મા હડકંપ મચી ગયો છે.

બનાવની વિગત પ્રમાણે ડભોઈ તાલુકાના ચાંદોદ ગ્રામ પંચાયત મા અરજદાર એહુલ માછી એ એક સાથે ૬ નમુના -ક મા કેટલીક માહિતી માંગેલ જેને જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી સુશ્રી ચંદ્રીકા બેન મકવાણા એ અભરાઈ એ ચઢાવી દેવામાં આવી હતી. જેની પ્રથમ અપિલ અપિલસતાધિકારી અને તાલુકા વિકાસ અધિકારી ને પડકારવામાં આવેલ જેના આદેશ બાદ પણ ચંદ્રિકાબેન મકવાણા એ કાગળ પર ની ધુળ ખંખેરવાની તસ્દી ના લીધી અને મામલો પહોંચ્યો ગુજરાત માહિતી આયોગ મા જયાં પણ નકલો આપવામાં ઠાગાઠૈયા કરી અરજદાર ને અધુરી, ના વંચાય એવી અને આપવા ખાતર માહિતી સમય કરતા મોડી આપેલ જેને એહુલ માછી દ્વારા ગુજરાત માહિતી આયોગ મા પડકારતા આયોગ આકરા પાણી એ ચાંદોદ ના જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી ચંદ્રીકાબેન મકવાણા ને એક અરજ ના ૨૫૦૦/- દંડ એમ ૧૫૦૦૦/- ફટકારતા તાલુકા મા હડકંપ મચી ગયો છે. કહે છે ડભોઈ તાલુકા પંચાયતના તલાટીઓ જાહેર માહિતી અધિકાર ના નિયમ ને ધોઈ પી ગયા છે. કાયદા નો ડર ના હોય એમ વર્તણૂક કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે ચાંદોદ ના ઈન્ચાર્જ તલાટી ને પણ ગુજરાત માહિતી આયોગ દ્વારા દંડ ફટકારવામાં આવેલ ડભોઈ ની કેટલીક ગ્રામ પંચાયત ના તલાટીઓ આર.ટી.આઈ. ના કાયદા ને ધોઈ પી ગયા છે.

બોડેલી પોલીસે છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતો આરોપીને ઝડપી પાડ્યો

મધ્યપ્રદેશના અલીરાજપુરનો રહેવાસી આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ સ્ટાફના પોલીસ માણસોને નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ, જે આધારે કે.એમ.રાઠોડ પોલીસ સબ.ઈન્સ્પેક્ટર નાઓ સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે બોડેલી ટાઉનમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે બોડેલી પોલીસ સ્ટેશન પાર્ટ સી પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૪૦૦ ૧૨૫૦૧૦૩/૨૦૨૫ પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫(એ)(ઈ),૯૮(૨), ૮૧,૧૧૬(બી) મુજબના ગુનાના કામનો છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી ગણપતભાઈ ભંગડીયાભાઈ કલેશ રહે-છોટી ઉતાવલી,બૈડી ફળીયા તા-સોંઢવા જી-અલીરાજપુર(મધ્યપ્રદેશ) નાનો મોડાસર ચોકડી ઉપર ઉભો છે અને તેને શરીરે આછા પીળા કલરનુ આખી બાયનુ શર્ટ તથા કમરમાં આછા વાદળી કલરનો જીન્સ પેંટ પહેરેલ છે જે આધારે મોડાસર ચોકડી ઉપર પહોચી સદરી ઈસમને પકડી પાડી આરોપી વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

કોંક્રિટ કામ યોગ્ય રીતે ન થયાનો ગ્રામજનોનો આક્ષેપ

સીમળી ગામે રૂ.૨.૪૦ લાખના નાળાના કામ સામે ભ્રષ્ટાચારના આક્ષેપ

એક જ સ્થળે નજીક-નજીક બે નાળાં બનાવાતા સરકારી ખર્ચ સામે પ્રશ્નો

(પ્રતિનિધિ) શિનોર, તા.24

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સીમળી ગામે વિકાસના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો સામે આવ્યા છે. કુકસ તરફ ખેતરમાં જવાના રસ્તા પાસે આશરે રૂ. 2લાખ40 હજાર ના ખર્ચે બનાવવામાં આવેલા નાળાના હલકી ગુણવત્તા સામે ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા છે.

સીમળી ગામે કુકસ તરફ ખેતરમાં જવાના રસ્તા પાસે બનાવવામાં આવેલા નાળાના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આશરે રૂ. 2 લાખ 40 હજારના ખર્ચે બનાવવામાં આવેલું આ નાળું પ્રીસીસી એટલે કે યોગ્ય રીતે કોંક્રિટનું કામ કરવામાં આવ્યું નથી અને કામની ગુણવત્તા પણ નબળી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

વધુમાં ગ્રામજનોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે નાળાની બિલકુલ બાજુમાં જ બીજું નાળું પણ બનાવવામાં આવ્યું છે, જેના કારણે સરકારી નાણાંના ઉપયોગ સામે પણ સવાલો ઊભા થયા છે. એક જ સ્થળે નજીક-નજીક બે નાળાં બનાવવાની જરૂરિયાત શું ? હતી અને રૂ. 2લાખ 40 હજાર ના ખર્ચે થયેલા કામની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ થવી જોઈએ તેવી ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે.

સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી કામની ગુણવત્તા તેમજ ખર્ચ અંગે તપાસ કરવામાં આવે અને જો ગેરરીતિ સામે આવે તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. સુ આ તંત્ર દ્વારા નકર તપાસ થશે ખરી ?? તે જોવું રહ્યું.

જબુગામમાં દીપડાનો આતંક, રહેણાંક નજીક દેખાતા ફફડાટ

બોડેલી તાલુકામાં વારંવાર દીપડાના આંટાફેરાથી ચિંતા વધી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

બોડેલી તાલુકામાં ફરી એકવાર દીપડો નજરે પડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. બોડેલી તાલુકાના જબુગામ ખાતે રેલવે નાળા નજીક આવેલા ઈંટના કારખાનામાં રાત્રિના સમયે દીપડો નજરે પડતાં મજૂરો સહિત આસપાસના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જબુગામ રેલવે નાળા નજીક આવેલા ઈંટના કારખાનામાં મજૂરો કામકાજ અર્થે રહેતા હોવાનું જાણવા મળે છે. દરમિયાન રાત્રિના સમયે અચાનક દીપડો કારખાના નજીક દેખાતા મજૂરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડો દેખાયો હોવાની જાણ થતાં આસપાસ રહેતા ગ્રામજનો પણ સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. લોકોની અવરજવર વધતાં દીપડો ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર જિલ્લામાં અવારનવાર દીપડાના આંટાફેરા જોવા મળે છે. ખાસ કરીને બોડેલી તાલુકાના વિવિધ વિસ્તારોમાં અગાઉ પણ દીપડા નજરે પડ્યા છે અને કેટલાક કિસ્સામાં વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરવામાં આવ્યો હતા. તાજેતરમાં પણ બોડેલીના રણભૂન ગામે દીપડો પાંજરે પુરાયો હોવાના અહેવાલ સામે આવ્યા હતા.

પાદરા જકાતનાકા પાસે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે વિશેષ શણગાર

પાદરા : પાદરા જકાતનાકા પાસે આવેલ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે ભગવાન મહાદેવને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરના મહંતશ્રી, ટ્રસ્ટીઓ તથા દાતા મુકેશભાઈ શ્રોફ, સુર્યકાન્તભાઈ ચોકસી અને ઘનશ્યામભાઈ ઠક્કર ના સહયોગથી મહાદેવજીનો આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો. વિશેષ શણગારના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો મંદિરે ઉમટી પડ્યા હતા અને ભગવાન મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શ્રાવણ માસના સોમવાર નિમિત્તે મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. ભક્તોએ હર હર મહાદેવના જયઘોષ સાથે ભગવાન મહાદેવની આરાધના કરી હતી.

સાવલીના ભગાના મુવાડામાં શિક્ષણ વ્યવસ્થાની વરવી વાસ્તવિકતા

શાળા બિલ્ડિંગના અભાવે મંદિરના શેડમાં ભણે છે 30 બાળકો

આંગણવાડીના બાળકોને પણ દૂધ ડેરીમાં બેસીને ભણવાનો વારો

(પ્રતિનિધિ) સાવલી, તા.24

સાવલી તાલુકાના ભગાના મુવાડા ગામે શાળા બિલ્ડીંગ ના અભાવે મંદિરમાં અને દૂધ ડેરી માં બેસીને ભણવાનો વારો આવ્યો છે અને આ મુદ્દે ગ્રામજનોએ જિલ્લા પ્રાથમિક શિક્ષક અધિકારીની કચેરીએ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

સાવલી તાલુકાના તુલસીપુરા જૂથ પંચાયત ના પેટા પરા ભગાના મુવાડા ગામે શિક્ષણ વ્યવસ્થાની વરવી વાસ્તવિકતા સામે આવી છે ગામની શાળા અને આંગણવાડી જર્જરિત હોવાથી નવી ઈમારત મંજૂર થઈ ગઈ છે પરંતુ શાળાની બિલ્ડિંગની બે વર્ષ પહેલા મંજૂરી છતાં કામ અધૂરું છે અને ધોરણ 1 થી 5 ધોરણના 30 બાળકો મંદિરના શેડ નીચે ભણવા માટે મજબૂર બન્યા છે જ્યારે આંગણવાડી ના બાળકો દૂધ ડેરી માં બેસવા મજબૂર બન્યા છે ગામમાં પ્રાથમિક શાળાની યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હોવાના કારણે ધોરણ 1થી 5માં ભણતા બાળકો લાઈટ, પંખા અને શૌચાલય ની સુવિધા કે પીવાના પાણીની વ્યવસ્થા વગર છેલ્લા બે વર્ષથી અભ્યાસ કરે છે એક તરફ સરકાર દ્વારા બાળકોને સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે વિવિધ યોજનાઓ અને સુવિધાઓની વાત કરવામાં આવે છે, ત્યારે ભગાનામુવાડામાં બાળકો માટે શાળા જેવી મૂળભૂત વ્યવસ્થા પણ ઉપલબ્ધ ન હોવાના કારણે આશરે 30 બાળકો માટે નિયમિત શાળા ભવનની સુવિધા ન હોવાથી કરડ નદીના કિનારે આવેલા મંદિરના શેડનો ઉપયોગ શિક્ષણ માટે કરવામાં આવી રહ્યો છે. બાળકોને ખુલ્લા વાતાવરણમાં તેમજ શેડ નીચે બેસીને અભ્યાસ કરવો પડી રહ્યો છે.આ પરિસ્થિતિમાં નાના બાળકોને આવી જગ્યાએ બેસીને ભણવું પડે તે બાબતે વાલીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે માત્ર પ્રાથમિક શાળાના બાળકોની જ નહીં, પરંતુ ગામના આંગણવાડીના બાળકોની સ્થિતિ પણ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે.

શાળા નદી કિનારે શેડમાં, આંગણવાડી ડેરીમાં : સરપંચનો આક્ષેપ

આ બાબતે ગામના સરપંચ મહેશભાઈ તલાવિયા એ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી શાળા તોડી પાડી છે અને બાળકો કરડ નદી ના કિનારે બનેલ શેડ માં બેસીને અભ્યાસ કરે છે અને જીવના જોખમે અભ્યાસ કરે છે નદી કિનારો હોવાથી જીવ જંતુ સાપનો ડર રહે છે અને આંગણવાડી પાંચ વર્ષ થી જર્જરીત છે અને બાળકોને ડેરીમાં બેસીને અભ્યાસ કરવાનો વારો આવ્યો છે ત્યારે તંત્ર વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવે તેવી અમારી માંગ છે.

પાદરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 24

પાદરા શહેર અને તાલુકામાં આગામી ઈદ તહેવાર તથા ગણેશ ચતુર્થીના તહેવારો શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે હેતુથી પાદરા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. પી.વી. ગોહિલ ની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વડુ પોલીસ સ્ટેશનના PSI ભરવાડ સાહેબ સ્ટાફ સાથે હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન તમામ સમાજના આગેવાનોને તહેવારો દરમિયાન શાંતિ, ભાઈચારો અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. વિવિધ સમાજના આગેવાનોએ પણ પોલીસ તંત્રને જરૂરી તમામ પ્રકારનો સહયોગ આપવાની બાહેધરી આપી હતી.

બોડેલીમાં શ્રાવણ માસની ભવ્ય કાવડ યાત્રા યોજાઈ

નર્મદેશ્વર મહાદેવને પવિત્ર જળથી ભવ્ય જળાભિષેક કરાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

બોડેલી શ્રાવણ માસના બીજા સોમવારે બોડેલી ખાતે શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ભક્તજન મંડળ દ્વારા ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત ત્રીજા વર્ષે યોજાયેલી આ કાવડ યાત્રામાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

તા. 24 ઓગસ્ટના રોજ સવારે 10 વાગ્યે શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિરથી કાવડીઓ સાથે ભક્તોએ પગપાળા યાત્રાનો પ્રારંભ કર્યો હતો. કાવડ યાત્રા દરમિયાન ભક્તો મોડાસર ખાતે ઓરસંગ નદીના કાંઠે પહોંચ્યા હતા, જ્યાં પવિત્ર જળ ભરી જળપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાવડ યાત્રા બોડેલી નગરના મુખ્ય બજારોમાંથી પસાર થઈ શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે પરત ફરી હતી.

મંદિરે પહોંચ્યા બાદ ભક્તો દ્વારા પવિત્ર જળથી ભગવાન નર્મદેશ્વર મહાદેવનો ભવ્ય જળાભિષેક કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસના પવિત્ર સોમવારે યોજાયેલી આ કાવડ યાત્રામાં ભક્તિ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. કાવડ યાત્રા પસાર થતી વખતે નગરના મુખ્ય માર્ગો પર મોટી સંખ્યામાં નગરજનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને યાત્રાને નિહાળવા ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

પાદરાની એમ. કે. અમીન કોલેજમાં 'સ્વદેશી એક્સ્પો'નું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.24

વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, સર્જનાત્મકતા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુથી પાદરા સ્થિત એમ. કે. અમીન આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તથા કોલેજ ઓફ કોમર્સ દ્વારા 'સ્વદેશી એક્સ્પો'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોલેજો મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. તા. 22 ઓગસ્ટ, 2026ના રોજ કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલા આ એક્સ્પોની થીમ "સ્ટાર્ટ અપ, શોકેસ, ઈનોવેટ" રાખવામાં આવી હતી. એક્સ્પોનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થી ઉદ્યોગસાહસિકોને તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્વદેશી ઉત્પાદનો, સ્ટાર્ટઅપ વિચારો અને નવીન સંકલ્પનાઓ રજૂ કરવા માટે સશક્ત પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો.